અપીલ/રીવીઝન અપીલ કરવા માટેની
સમય મર્યાદા તથા ક્યા સત્તાધિકારીને
અપીલ/રીવીઝન અપીલ કરવી એ બાબતની
કસુરદારને જાણ કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,

પરિપત્ર ક્રમાંક:આઈઓપી-૨૦૯૮-૧૪૨૧-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૩-૮-૯૮.

**પ રિ પ ત્ર, :-**

પોલીસ ઈન્સ્પેક્ટર સુધીના પોલીસ કર્મચારીઓને તેમની ફરજ ઉપરની ગેરવર્તણુંક બાબતે મુંબઈ પોલીસ ( શિક્ષા અને અપીલ ) નિયમો ૧૯૫૬ના નિયમ-૩માં દર્શાવ્યા મુજબની શિક્ષા કરવાની સત્તા નિયમ-૫ ની અનુસુચિ-૧ માં દર્શાવેલ સત્તાધિકારીઓને આપવામાં આવેલ છે ત્યારે આ શિક્ષા સામે ને આ નિયમોના નિયમ-૯ ની અનુસુચિ-૨ માં કઈ એપેલેટ ઓથોરીટીને અપીલ/રીવીઝન અપીલ કરી શકાય છે. તેની જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. સરકારશ્રીના ધ્યાને આવેલ છે કે ઘણાં કિસ્સાઓમાં આવા પો.ઈ. સુધીના પોલીસ કર્મચારીઓને જ્યારે મુંબઈ પોલીસ ( શિક્ષા અને અપીલ ) નિયમો ૧૯૫૬ના નિયમ-૩માં દર્શાવ્યા મુજબની કોઈ શિક્ષા નિયમ-૫ ની અનુસુચિ-૧ માં દર્શાવેલ અધિકારી દ્વારા કરવામાં આવે છે ત્યારે નિયમ-૧૧ મુજબ બે માસ એટલે કે ૬૦ દિવસમાં અપીલ કઈ ઓથોરીટીને કરવાની રહેશે તે શિક્ષાના હુકમમાં દર્શાવવામાં આવતુ નથી. પરીણામે કસુરદાર આ નિર્દિષ્ટ સમયગાળો વીતી ગયાના લાંબા સમય પછી સીધી સરકારશ્રીને અપીલ/રીવીઝન અપીલ કરે છે. અને અપીલ/રીવીઝન અપીલમાં એવી રજુઆત કરે છે કે તેને શિક્ષા કરતાં હુકમમાં કેટલી સમય મર્યાદામાં કઈ ઓથોરીટીને અપીલ/ રીવીઝન અપીલ કરવી તે જણાવેલ ન હોવાથી બચાવની વાજબી તક તેઓને મળેલ નથી. પરિણામે સરકારશ્રીએ કસુરદારને બચાવની વાજબી તક મળી રહે તે હેતુથી આવી અપીલ/રીવીઝન અપીલ જે તે સત્તાધિકારીને વિલંબ માફ (Delay condone) કરી વિચારણામાં લેવા જણાવવું પડે છે એવી પ્રક્રિયાને કારણે કસુરદારને ન્યાય મળવામાં વિલંબ થાય છે અને સરકારશ્રીની કામગીરી

બેવડાય છે જે યોગ્ય ગણી શકાય નહીં.

૩. જેથી આવી પરિસ્થિતિ ઉભી ન થાય તે હેતુથી કસુરદારને કરવામાં આવતા શિક્ષાના હુકમમાં જ તેઓ જો અપીલ/રીવીઝન અપીલ કરવા માંગતા હોય તો જે તે કચેરી મારફતે ક્યા સત્તાધિકારીને કઈ સમય મર્યાદામાં કરી શકે છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ શિક્ષાના હુકમમાં કરવા સર્વ સત્તાધિકારીઓને આથી જણાવવામાં આવે છે.

ઉક્ત સુચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભરત પટેલ)
સેક્શન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સર્વ અધિક પોલીસ મહાનિદેશકશ્રી,
- સર્વે રેન્જ
- સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રી
- સર્વે સેનાપતિશ્રી,
- અગ્રસચિવશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી
- સચિવશ્રી (ગૃહ)નાં અંગત મદદનીશશ્રી
- શાખા સીલેક્ટ ફાઈલ.
- મદદનીશ/સેક્શન અધિકારી સીલેક્ટ ફાઈલ.

જેપી/૧૨૮.સ્ટે.